# પ્રથમ લેખિત કસોટી : ઓક્ટોબર-૨૦૧૭

તારીખ : ૧૦/૧૦/૨૦૧૭ ધોરણ-૬ સમય : ૧૧:૦૦ થી ૧૪:૦૦

વાર : મંગળવાર વિષય : સામાજિક વિજ્ઞાન કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ____________________ બેઠક નંબર : ______

---

સૂચના : (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે..

---

**પ્રશ્ન-1 (અ) યોગ્ય શબ્દો વડે ખાલીજગ્યા પૂરો.** (5)

(1) તાડપત્રો અને ભોજપત્રો પર લખાણ .......... લિપીમાં જોવા મળે છે.

(2) પૃથ્વીના કોઈપણ ભાગના સપાટ કાગળ પરના આલેખને .......... કહે છે.

(3) જેનો જન્મ ભારતમાં થયો હોય તે વ્યક્તિ આપોઆપ ભારતની .......... પ્રાપ્ત કરે છે.

(4) આદિમાનવના રહેણાંકના અવશેષો પર રાખ મળી આવે છે તો .......... શોધ થઈ હશે તેમ કહી શકાય.

(5) પ્રારંભિક માનવજીવનની મોટાભાગની માહિતી તેના .......... અને હથિયારો પરથી મળે છે.

**(બ) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** (5)

(1) નકશા પર 1 સેમી = 10 મીટર એટલે નકશા પર 1 સેમી = જમીન પરના 10 મીટર થાય છે. ☐

(2) ભીમબેટકા ગુફા હાલ ગુજરાતમાં આવેલી છે. ☐

(3) અભિલેખો સાચવવાની જગ્યાને અભિલેખાગાર કહે છે. ☐

(4) ભારતના નાગરિકે પોતાની ફરજો માત્ર કુટુંબ પ્રત્યે જ બજાવવાની હોય છે. ☐

(5) પ્રાથમિક શાળામાં ભણતા બાળકો પાસે ચૂંટણીકાર્ડ હોવું જોઈએ. ☐

**પ્રશ્ન-2 (અ) નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો.** (5)

(1) વીસમી સદીના બનાવોની વિગતો ચિત્રાત્મક રીતે વિગતો રજૂ કરવામાં આવી હતી, જેને શું નામ આપવામાં આવ્યું હતું ?

Scanned by CamScanner

(અ) ગેલેરી (બ) મિલેનિયમ ગેલેરી

(ક) ગેલેક્સી (ડ) સંગ્રહસ્થાન

(2) ચિત્રો, શિલાલેખો, અભિલેખો વગેરે શું જાણવાના સ્રોત છે ?

(અ) માહિતી (બ) ઓળખ (ક) ઈતિહાસ (ડ) ગૌરવ

(3)  આ ચિત્ર નકશામાં શાની રૂઢસંજ્ઞા છે ?

(અ) રેલ્વે (બ) તળાવ (ક) બસસ્ટેન્ડ (ડ) દવાખાનું

(4) નકશામાં જંગલ અને વનસ્પતિની ભૌગોલિક બાબતો જાણવા કયો રંગ વપરાય છે ?

(અ) લાલ (બ) પીળો (ક) વાદળી (ડ) લીલો

(5) હેમચંદ્રાચાર્ય યુનિવવર્સિટી કયા શહેરમાં આવેલી છે ?

(અ) પાટણ (બ) મહેસાણા (ક) પાલનપુર (ડ) અમદાવાદ

**(બ) નીચેના આપવામાં આવેલા ગુજરાત રાજ્યના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સ્થાને દર્શાવો.** (5)

(1) બનાસ નદી

(2) કચ્છનો અખાત

(3) ચોટીલા ડુંગર

(4) દરિયાકિનારાનો એક જિલ્લો

(5) પાટણ

**(બ) બંધ બેસતાં જોડકાં રચો.** (4)

| **'અ' વિભાગ** | **'બ' વિભાગ** |
| --- | --- |
| (1) માનવજીવનની ક્રાંતિકારી શોધ | (1) સીધાં પડે છે. |
| (2) વિષુવવૃત્ત પર સૂર્યનાં કિરણો | (2) કર્કવૃત્ત |
| (3) ભારતની મધ્યમાંથી પસાર થતુ વૃત્ત | (3) વિષુવવૃત્ત |
| (4) ગુજરાતનો દરિયા કિનારો | (4) ચક્ર |
| | (5) 1600 કિ.મી. |

Scanned by CamScanner

**પ્રશ્ન-3 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર બે-ત્રણ વાક્યોમાં આપો. (ગમે તે સાત)** (14)

(1) પુરાતાત્વિક અવશેષોનો ચોક્કસ સમયગાળો શાના પરથી જાણી શકાય છે ?

(2) આદિમાનવ રહેણાંક માટે ગુફાનો ઉપયોગ શા માટે કરતો હતો ?

(3) તામ્રપત્રો અને ભોજપત્રો વિશે તમે શું જાણો છો ?

(4) ભૂર્જ નામના વૃક્ષો કયાં મળી આવે છે ? તેની છાલનો શો ઉપયોગ થતો હતો?

(5) આદિમાનવ હથિયાર તરીકે કઇ-કઇ વસ્તુનો ઉપયોગ કરતો ?

(6) ગોમટું અને જોમાના સમયમાં સવારનું વર્ણન કરો.

(7) મહેરગઢમાં કયા-કયા અવશેષો મળી આવ્યા હતા ?

(8) ગુજરાતને કેટલા પ્રકારની સીમાઓ છે ? કઇ-કઇ ?

(9) 'સિંધુખીણ સંસ્કૃતિ' ના ગુજરાતના અવશેષો કયાં આવેલા છે ?

**(બ) શબ્દોની સમજ આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) અવશેષો (2) ગ્રામપંચાયત

(3) 

(4) શિલાલેખ

**પ્રશ્ન-4 કારણો આપી વિધાન પૂર્ણ કરો. (ગમે તે ચાર)** (12)

(1) આપણે 'ભારતીય' શા માટે કહેવાઇએ ?

(2) રાષ્ટ્રદ્રોહનો ગંભીર ગુનો કરીએ તો આપણા નાગરિકત્વ પર શી અસર થાય ?

(3) આદર્શ નાગરિક કેવો હોવો જોઇએ ?

(4) 'વિભિન્નતામાં એકતા ધરાવતો દેશ ભારત છે' આમ શા પરથી કહી શકાય ?

(5) આપણા રાષ્ટ્રીય તહેવારો કયા-કયા છે ? તે કેવી રીતે ઉજવીએ છીએ ?

**પ્રશ્ન-5 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તરો મુદ્દાસર આપો. (ગમે તે ચાર)** (16)

(1) 'રૂઢ સંજ્ઞાઓ' એટલે શું ? તેનો ઉપયોગ જણાવો.

(2) નકશાના અંગો કેટલા છે ? કયા-કયા ?

(3) મહત્વનાં અક્ષાંશવૃત્તો તમે જાણતા હો તો નામ જણાવો. તથા દરેક વિશે જણાવો.

Scanned by CamScanner

(4) કયા-કયા દેશ પર વિષુવવૃત્ત પસાર થાય છે ?

(5) તમારા ઘરમાં દરેક સભ્યો પાસે કેટલા પ્રકારનાં ઓળખકાર્ડ છે ? કયાં-કયાં ?

**(બ) ટુંકનોંધ લખો. (ગમે તે બે)** (8)

(1) સિંધુખીણ સંસ્કૃતિના ગુજરાતના પ્રાચીન નગરો.

(2) ગુજરાતના દરિયાકિનારાનો ઉપયોગ.

(3) પ્રાચીન સમયના ઓજારો તથા વર્તમાન સમયના ઓજારો વિશે.

---

Scanned by CamScanner